# 'ગુજરાતનો નાથ' નવલકથામાં પાત્ર નિરૂપણ કલા

પ્રા. સંગીતા ચૌધરી
ગાંધીનગર

કનૈયાલાલ માણેકલાલ મુનશી ગાંધીયુગના પ્રભાવક સર્જક તરીકે ગુજરાતી સાહિત્યમાં ઓળખાયા છે. અન્ય ગુજરાતી સાહિત્યકારોની અસર છે એવી જ રીતે જ ક.મા. મુનશીની ગુજરાતી સાહિત્ય પર અસર જોવા મળે છે. એમાં સાહિત્ય- સર્જન અંગ્રેજી પ્રશ્ચિમિકરણ સાહિત્યના વિદ્વાન નવલકથાકાર ડુમાની અસર ક.મા.મુનશી પર વધુ અસરકારક બને છે. એના પ્રભાવ અસર નીચે નાટક, નવલકથા, નવલિકા, આત્મકથા, નિબંધો, વિવેચનો, વ્યાખ્યાનો, ગદ્ય કાવ્યો, પત્રકારત્વના સામાયિકો વગેરે સાહિત્ય સ્વરૂપો સમૃધ્ધ રીતે ખેડ્યા છે. અને સાહિત્ય કૃતિઓ દરેક સ્વરૂપ-પ્રકારોમાં સમૃધ્ધિ વધારી આપે છે. ગુજરાતી સાહિત્યમાં સર્જકે બહુમુખી વ્યક્તિત્વ સર્જકત્વમાં ઘણી ઊંડી અને અસરકારક છાપ પાડ્યા વગર રહ્યા નથી. ગુજરાતના ગદ્ય સર્જકોમાં ક.મા.મુનશીનું સ્થાન અનેરું અને બહું મૂલ્યવાન મોટા પ્રમાણમાં રહેલું જોવાં મળે છે.

ગુજરાતી સાહિત્યના ઐતિહાસિક અને સાહિત્ય ક્ષેત્રે સૌ પ્રથમ ઈ.સ. ૧૮૬૬માં કરણઘેલો પ્રગટ રહી, તેનો પ્રભાવ ક.મા.મુનશી, ગોવર્ધનરામ, ર.વ.દેસાઈ, ધૂમકેતુ, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર વગેરે સર્જકોએ ઝીલ્યો છે. પરંતુ ક.મા.મુનશી જેવાં સર્જક ગુજરાતી ગદ્ય સાહિત્યમાં મોખરે રહ્યા છે.

ક.મા.મુનશીએ ગોવર્ધનરામ ત્રિપાઠીની જેમ રાજકીય સામાજિક - સાંસ્કૃતિક જીવનને આલેખવા ઐતિહાસિક દ્રષ્ટિ નાખીને સોલંકીયુગનું સામ્રાજ્યને પોતાની કલા વિશેની નૂતન દ્રષ્ટિ અને કલ્પના પધ્ધતિનાં સહારે ગુજરાતી ઐતિહાસિક નવલકથાઓ વિશે સર્જન કર્યું છે. જેવી કે, 'પાટણની પ્રભુતા' (૧૯૧૬), 'ગુજરાતનો નાથ' (૧૯૧૭), 'પુથ્વીવલ્લભ' (૧૯૨૧), 'રાજાધિરાજ'(૧૯૧૮), 'જય સોમનાથ'(૧૯૪૦) વગેરે ઐતિહાસિક નવલકથામાં સોલંકીકાળનું ગુજરાતનું જીવન આલેખાયું છે. એમાં માનવતા રંગોથી પાત્રોમાં અદ્દભૂત વિવિધતા દર્શાવેલી જોવા મળે છે.

'ગુજરાતનો નાથ' નવલકથામાં ઐતિહાસિક પ્રસંગો ઘટના- પરિવેશના અનુસંધાને કેટલીક કલ્પનાઓ લઈને કૃતિ રચી છે. ક.મા.મુનશીએ નવલકથામાં કલ્પનાનો છૂટદોર વધુ લીધો છે એ બાબત નોંધનીય બને છે. એની સાથે સાથે ઐતિહાસિક પાત્રો જેવા કે સ્ત્રી પાત્રો મુખ્ય હોય કે ગૌણ, એને કેન્દ્રમાં રાખી ગુજરાતનું વાતાવરણ સર્જકે ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળને ધ્યાનમાં રાખીને કૃતિ રચી છે.

'ગુજરાતનો નાથ' નવલકથામાં સ્ત્રી-પાત્રો, પુરુષ-પાત્રો, ગૌણ પાત્રોનું કળા દર્શન અનેરું બની રહે છે. એ અંગની જેટલી વધુ સમૃધ્ધિ એટલી જ નવલકથાની વધુ સિધ્ધિ કારણ કે આખરે તો પાત્રો ન હોય તો સર્જક કથા રચી જ ન શકે. પાત્રો હોય તો કથા સહિત્ય રચાય છે. તેથી જ સર્જકનો સબંધ પાત્રો સાથે 'પ્રાણવાયુ' બની રહે છે. એ બાબત પણ નવલકથા માટે ધ્યાનાકર્ષક બની રહે છે. પાત્રો ન હોય તો કથા- કૃતિ કલા બની શકતી નથી. પાત્રાલેખનની સમર્થ કલા જ નવલકથાને જીવંતરૂપ બનાવી મુકે છે. ક.મા.મુનશીએ 'ગુજરાતનો નાથ' નવલકથા સર્જીને પાત્રકલાનું શુધ્ધ સ્વરૂપ દર્શન ભાવકોને કરાવ્યું છે. એમાં પુરુષ- પાત્રો મુંજાલ, કાક, કીર્તિદેવ, ખેંગાર, પ્રતાપી નરપુંગવો, ઉદો, ત્રિભુવનપાલ, જયદેવસિંહ, ગજાનન પંડિત, મણિભદ્ર, સજ્જન મહેતા, ઉબક પરમાર જેવા છે. જયારે સ્ત્રી- પાત્રોમાં મીનળ, મંજરી,

સોમ, કાશ્મીર દેવી વગેરે છે. તેમજ આ સ્ત્રી પાત્રોએ ક.મા.મુનશીની કલ્પના વિહાર શક્તિને વધુ બળ આપી આત્મસિધ્ધી વધારી છે. અને બીજી રીતે પુરુષ પાત્રો, સ્ત્રી પાત્રો કરતાં થોડાં ઓછાં ચડિયાતાં દર્શાવ્યાં છે. જયારે સ્ત્રી-પાત્રોને વધુ ગુણવાન, વિવેકી, નમ્રતાપણું, તેમજ પ્રતાપી, ચતુરાઈ ભરી બુધ્ધિશાળી તરીકેની સક્ષમ બતાવી છે. એ પણ સત્ય છે કે, પુરુષો, મહર્ષિઓ, યોધ્ધાઓ, મુત્સદ્દીઓ અને પ્રતાપી રાજપુરુષત્વનું વ્યક્તિપણું ધરાવતા સમાજમાં પોતાનો મોભો જળવાય રહે એ રીતે પોતાની આબરૂ સાચવવાનું વ્યક્તિત્વ ધરાવતા પુરુષ પાત્રો સર્જકે ચીતર્યા છે. એ બાબત પણ મહત્વની ગણાય છે.

ક.મા.મુનશીએ સૌથી વધુ સ્ત્રી - પાત્રોને 'ગુજરાતીનો નાથ' નવલકથામાં ધ્યાનાકર્ષણ ચિત્ર દર્શાવી આપ્યુ છે. સમાજને હંફાવતી પુરુષ પ્રધાન સત્તા હોવા છતા સ્ત્રીઓનું ચરિત્ર ઉપર આંચ આવવા દીધી નથી. તેથી ક.મા.મુનશીએ સ્ત્રી-પાત્રો દ્વારા ચરિત્ર- ચિત્રણમાં વૈવિધ્યતા બતાવી આપીને સ્ત્રીનું આદર્શપણું જગત આગળ આલેખી આપ્યું છે. એવી અનુભૂતિનો અહેસાસ ભાવક સમક્ષ મૂકી આપ્યો છે.

ક.મા.મુનશીનાં જીવનમાં જે સ્ત્રી સ્વપ્નદર્શી બનીને આવી પરંતુ એમને તો બાલ્યાવસ્થામાં જે સ્ત્રી- પરીનું સ્વપ્ન હંમેશા માટે સ્વપ્ન બની રહ્યું તેની કલ્પના સૃષ્ટિથી નારીત્વ ભાવના વધુ સમજી હોય એમ લાગ્યા વગર રહી નથી. એમણે પોતાના આત્મચરિત્રમાં આ બાબત અંગે સ્પષ્ટતા પણ કરી છે જે બાબત સાચી નીવડે છે. અતિલક્ષ્મી પત્ની બનીને આવી પરંતુ એના પ્રત્યેય પ્રેમની અનુભૂતિ પણ મોડી જાગી. જયારે લીલાવતી શેઠે એમના જીવનમાં પ્રવેશતા જ પ્રેમની અનુભૂતી- સંવેદનાની જ્યોતિ જગાવી બેઠી. ત્યારે પોતે કબુલ કરે છે કે જે બાળપણમાં જે બાળા જોઈ તેની કલ્પના વિહારમાં ડૂબી ગયેલા અને અતિલક્ષ્મી મૃત્યુ પામી, ત્યાર બાદ લીલાવતી શેઠ એટલે કે પત્ની અને પ્રેમિકા વચ્ચે ક.મા.મુનશીનું મનોસંઘર્ષ થતું જોવાં મળે છે. અને પત્ની પ્રત્યે પોતાની લાગણી પ્રત્યેયનો અફસોસ થયો એ નોંધનીય ઘટે છે.

'ગુજરાતનો નાથ' નવલકથામાં પાત્રોની અદ્દ્ભુતતા વિવિધતાભરી વિશાળ પટની હારમાળા જેવી લાગી છે. સર્જકે પોતાના મનોમંથન કલ્પના દ્વારા દરેક પાત્રોની ચારિત્ર્ય પણ સુંદર શૈલીમાં નિરૂપી આપ્યું છે. એમની આ નવલકથામાં પણ પ્રેમના તત્વનાં બીજ ફૂટાડયા ન હોય એમ સર્જક ચિત્રે છે પરંતુ આ રચનામાં પ્રેમનું તત્વ તેમજ એકબીજાના સબંધો સહજીવન ચર્ચા સાથે એકબીજા પ્રત્યે સંવેદનશીલ બની રહ્યા હોય એવી વૃતિ ભાવકને રહ્યા વગર જોવા મળી નથી. અને પ્રેમના મિલન તથા વિપ્રલભ એવા બે સ્વરૂપ રીતે લેખકે આલેખ્યા છે. એમાં તો વળી, 'ગુજરાતનો નાથ' માં જરા પણ વિયોગપણું બતાવ્યું નથી. જીવનની અન્ય રસ્તે જે પોતાના હૈયાને આઘાત પંહોચે એવો વિરહ જરા પણ દર્શાવ્યો નથી. એમનો વિરહ તો ઊંડો અને મર્મસ્પર્શી છે. એમાં મીનળ અને મુંજાલનો પ્રેમ, કાક અને મંજરીનો પ્રેમ, સોમસુંદરી જેવા પાત્રોનું હૈયાની હોડમાં પુરાયેલો રહે છે, તેવી ઊંડી છાપ ભાવકો ઉપર પડી છે. એક રીતે જોઈએ તો પ્રેમને શુધ્ધ બતાવ્યો નથી વિકૃતિ બતાવી છે. છતાં પણ સમગ્ર ક્ષેત્રે એટલે કે સામાજિક- સાંસ્કૃતિક રાજકીય રીતે દરેક પાત્રો પસાર થઈને લાગણીભેર યર્થાથને ચીતર્યો છે. ખરેખર જે સ્ત્રી પ્રત્યેની અભિલાષા પડી હોય પુરુષમાં એ અભિલાષા પોતાની અપેક્ષા જ પ્રતિબિંબિત થઇ હોવાનું વરતાયું હોય એમ લાગે છે.

'ગુજરાતનો નાથ' માં મુનશી કેવળ કથાકાર બની રહ્યા નથી પરંતુ અહીં ચિત્રણ પણ એવું પ્રયોજે છે. જે નવલકથામાંથી ઊંચી અપેક્ષા રાખનાર ભાવકોને સારી રીતે સંતોષ આપ્યો છે. મુનશીએ પોતાની આગવી શૈલીથી આરંભાય ગોવર્ધનરામ ત્રિપાઠીની વિશાળ નવલકથા કરતાં પણ ઐતિહાસિક નવલકથામાં સાહિત્ય રત્નકારીનું ચિત્ર ઉપસાવી આપ્યું છે. અને સફળતાના વિશિષ્ટ ગુણો 'ગુજરાતનો નાથ' નવલકથાનાં સમગ્ર પાત્રોસૃષ્ટિમાં કળા દર્શન કરાવ્યા છે. એમાં ક.મા.મુનશીએ રાજકીય તરંગોનાં બીજ વાવીને સામાજિક દર્ષ્ટિએ પ્રેમભાવના વિકસાવી પાત્રો દ્વારા સચોટ શબ્દો

સૃષ્ટિથી ચિત્રણ કર્યા છે. ઈ.સ.૧૯૧૬માં 'પાટણની પ્રભુતા' રચીને આગળ વધીને હજી 'ગુજરાતનો નાથ' નવલકથા એક ઐતિહાસિક રૂપે પૂરવાર કરી પાત્રોની કળા દર્શનથી વાચકોને આતુરતાની દ્રષ્ટીએ ભરી દે છે. કે જે વાચકોને પાત્રોના સંવાદો દ્વારા પળ- પળની વૈવિધ્ય સાથે જકડાય રહેવાની ઈચ્છા થાય છે. અને સર્જકતાનો સર્વોચ્ચ ઉન્મેષ પ્રગટ થયેલા જોવા મળે છે. એટલે જ નરસિંહરાવ જેવાં વિવેચકોએ ક.મા.મુનશીની નવલકથા સર્જન કૃતિ 'ગુજરાતનો નાથ'માં પાત્રોની ઘણા પ્રમાણમાં પ્રશંસા કરી છે ને કહે છે કે ગોવર્ધનરામ કરતાં ક.મા.મુનશી 'સવાયા' છે. છતાં ગોવર્ધનરામનો પ્રભાવ ક.મા.મુનશીમાં જોવા મળ્યો છે એ સ્વાભાવિક છે.

'ગુજરાતનો નાથ' નવલકથા પાટણ એટલે કે સોલંકીયુગમાં અણહિલનું પાટણ તરીકે ઓળખાતું છતાં સર્જકે પાટણ વિશેની રજૂઆતનો ઉલ્લેખ જોવા મળ્યો નથી. એ નોંધનીય બાબત બને છે. પાટણનાં સિદ્ધરાજ જયસિંહનાં શાસનકાળનાં ગુજરાતની યશગાથા વર્ણવી છે. મુનશીએ કરણદેવના અવસાન દરમ્યાન સિદ્ધરાજ જયસિંહ નાનો હતો. તેથી રાજમાતા તરીકે મીનળદેવીની નિમણુંક કરવામાં આવી. અને એની એ સત્તા ચલાવી હતી. છતાં, ખરી સત્તા મુંજાલ જ ચલાવે છે તે ક.મા.મુનશી કલામયતાથી કલ્પનામય બનીને એ સમયને, આપણા વાચક સમક્ષ પ્રત્યક્ષ રીતે નિહાળવો જોઈએ એવો મૂર્તિમંત કરવામાં આવે છે.

ક.મા.મુનશીએ સોલંકીયુગના પ્રસંગો, વસ્તુકથન ઘટના બાબતે ઈતિહાસના દાયરામાં નાખી કલામય રીતે કલ્પનવૃત્તિ દાખવીને પોતાની સૂઝ પ્રમાણે પાત્રો દ્વારા ફેરફાર કરીને કેટલીક મહત્વની ઐતિહાસિક ઘટનાને સ્વીકારીને વર્ણન કર્યું છે. મુંજાલ અને મંજરીનું પાત્રસૃષ્ટિની છબી લોકહૃદયમાં અંકિત થયેલી જોવા મળે છે. તેનાથી એવો ભ્રમ થયો છે. ઐતિહાસિક ઘટનાઓનાં મહત્વના ચાલકબળ તરીકે નિરૂપીને સર્જકે ઐતિહાસિક વિકૃતિ આણી એ વાત પણ ચોક્કસ છે.

ગુજરાતી અસ્મિતાના નિયામક અને અપૂર્વતાના ઉપાસક મુનશીએ પાત્રોને સજીવ સબળ પ્રમાણમાં શક્તિશાળી નરપુંગવો અને તેજસ્વી સ્ત્રીઓની સૃષ્ટિ સર્જી છે. તેથી 'ગુજરાતનો નાથ' એક પ્રભાવશાળી પાત્ર વિધાનની 'દર્શન કળા' તરીકે વિશેષ નોંધ લેવાય છે.

આ નવલકથાના પાત્રો ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ બની રહ્યા છે. સજીવતાની સબળ છાપ મૂકી જતાં આ પાત્રો પોતાની બુધ્ધિમત્તાથી અને વાણી-વર્તનથી આપણને આંજી નાંખે છે. અને મુંજાલનું પાત્ર પાટણની સત્તા માટે ખુમારી ભર્યું છે. એ સમયની મુત્સદ્દીગીરીનું સચોટ પરિચય કરાવતું જોવાં મળ્યું છે. મુંજાલ અને મીનળ વચ્ચે સત્તા માટે તથા પ્રજા સાથે પણ વધુ સંઘર્ષ કર્યા તે છતાં મુંજાલનું વ્યક્તિત્વ આગવું તરી આવે છે. એકલતા, કરુણા અને ભવ્ય રાજકીય જીવનમાં અનેકવિધ મહત્તા સાધનાર, અતૂટ રહેનાર મુંજાલનાં જીવનમાં નિર્જનતા પ્રસરે છે. મુંજાલ અને મીનળના આંતર વ્યક્તિત્વમાં રાજ્યનો કારભાર હૃદયસ્પર્શી બને રહ્યો છે. મુંજાલ પ્રતાપી હોવાં છતાં પણ જયારે સોમ મૃત્યુ પામે છે ત્યારે તેની આંખમાંથી આંસુ સારે છે. ત્યાં મુંજાલનું હૃદય સંવેદનાભર્યું પણ રહ્યું છે. પોતાના દીકરાના વિરહમાં સહિષ્ણુતા બતાવે છે. મુંજાલનું ગૌરવ પ્રતાપી, સત્તા, હીર, જેવાં ગુણોથી ભરેલું છે. છતાં એની એકલતા કોઈપણ વ્યક્તિત્વ હૃદયને હલાવી નાખે એવી છે. પણ પાટણનાં ગૌરવ માટે તે પોતાનું આખું જીવન ત્યજી દે છે. અને પોતાના શૌર્યને વિકસાવી તેમજ ધીરજ પૂર્વક પોતાની ચતુરાઈથી જયદેવને ચક્રવર્તી થવા માટેની તાલીમ આપે છે. મુંજાલની સુટેવ છે કે 'મોહક હાસ્યથી બીજા વ્યક્તિઓનું દિલ તરત જ જીતી લેતું' અને કોઈ અન્ય વ્યક્તિનાં સ્વભાવ, મનને પારખી લેવો. એને કોઈ બીજા માર્ગ તરફ દોરી જાય એવી કોઈનામાં હિમત ન હતી. અખિલ આર્યાવર્તને એકઠા કરી, યુવાનોને હંફાવવાના કાર્યમાં સામેલ થવા નમ્ર કરતો પણ મુંજાલને તો પાટણની ચિંતા વધુ હતી. જે પાટણની સત્તા સાચવવાને જ મહત્વ આપ્યું. અને પાટણનો મધ્યાહ્ન સોળે કળાએ ખીલે એ જ એનો પરમ ધર્મનો આદર્શ છે. આદર્શ

અને પોતાનું સ્વમાન જાળવવાં કદી પણ ભોગ આપવાં અચકાયો નથી. એનામાં શારીરિક બળ અને યુદ્ધ કૌશલ્ય ઘણાં છે. એનામાં શૌર્ય તેમજ વિવેક પણ છે.

આમ, મુંજાલનું પાત્ર મહામાનવ સમાન હતું છતાં ક.મા.મુનશીએ આદર્શ માનવી તરીકે 'ગુજરાતનો નાથ' માં ન ધબકતું રાખ્યું. તેથી ક.મા.મુનશીએ પાત્રસૃષ્ટિને ક્ષમતાહીન બનાવી એ હકીકત નોંધનીય બની રહે છે. મુંજાલનાં પાત્ર દ્વારા ગુજરાતમાં જે પરિસ્થિતિ સર્જાય એની સામે યુવાનો ખડા પગે રહે એવો સંદેશો આપ્યો છે. અને એની મહત્તા ક.મા.મુનશીએ સાબિત કરી આપી છે. સર્જક તરીકેની ભવ્યતા મહોરી ઊઠે છે.

મીનળનાં પાત્રને સ્ત્રી તરીકેનો દરજ્જો અને રાજકર્તા તરીકેની અપાર ભૂમિકા 'ગુજરાતનો નાથ' માં સોળે કળાએ ખીલી ઊઠે છે. પોતાના લગ્નજીવનને કલંકિત ન બનાવીને પ્રેમ –સબંધો પ્રત્યે પોતાના લગ્નના સબંધોમાં બલિદાન આપી એક સ્ત્રીત્વનું માન રાખી આદર્શ સ્ત્રી તરીકે પ્રગટ થાય છે. બંને એકબીજાને પ્રૌઢવયે પણ ચાહે છે એ પ્રેમને અશુદ્ધ બનતો અટકાવવાની બંને જણાની પ્રામાણિકતા બતાવી. કુદરતી છે એટલે પવિત્ર છે, એમ માનીને ધર્મશાસ્ત્ર અને રૂઢિની રીતે મિનળ મુંજાલ જેવા જ અપવિત્ર સ્નેહનુ નવલકથામાં મુખ્ય અંગ તરીકેના પાત્રો રૂપે ગુજરાતી સાહિત્યમાં વિશાળતા પામ્યા છે.

આ નવલકથા બીજા સબળ પાત્રો કાક અને મંજરી છે. કાક યોધ્ધા તરીકે અને ત્રિભુવનપાળનો માનીતો વફાદાર સેવક રાજનીતિના દાવપેચ ખેલવામાં કુશળ છે. કાકનો સ્વભાવ પરાક્રમી અને બ્રાહ્મણ હોવાથી પૌરાણિક પ્રણાલિકામાં ઉછરેલો છે. તેથી ચુસ્ત શ્રાવકો તરફ તિરસ્કારની નજરે જોવાવાળો ક.મા.મુનશીએ પાત્રનું ચીત્રણ કરેલ છે. છતાં કાકમાં જેટલું સાહસ અને શૌર્ય બતાવ્યું છે. તેટલી ધર્મની ઉચિત ધર્મવૃતિ કે આર્યપણું નથી. એ બુધ્ધિવંત છે, પ્રેમી છે, તેજસ્વી છે, પરાક્રમી છે, બળવાન યોધ્ધો, પરિસ્થિતિ ને કાબૂમાં રાખી પ્રભુત્વ જમાવી દીર્ઘ દ્રષ્ટિથી ધાર્યો વળાંક આપી શકે છે. 'કાક' 'ગુજરાતનો નાથ' નું શ્રેષ્ઠ પાત્ર અને નાટક બને છે. એજ રીતે મંજરી પણ તેજસ્વી, સંસ્કારી, પ્રતાપી છે. તેમની પાત્રલેખનની કળા સિધ્ધિ છે. મંજરી આત્મસૌંદર્ય, આત્મબળ, અને આત્મશ્રધ્ધા ધરાવતી છતાં તેનું સર્વસ્વ નથી. મંજરી કાક ઉપર વિશ્વાસ મૂકીને તેની સાથે લગ્ન કરવા તૈયાર થઈ જાય છે. કારણ કે, મંજરી ઉદાથી બચવા માટે કાકને ન છૂટકે પરણ્યા સિવાય ના રહેવાય, એવા સંજોગોમાં તે પરણે છે. ત્યારે કાક કહે છે:

"કાક-મહારાજ, દેવડી કોની થવા માંગે છે:"

ઉપરોક્ત વિધાન પ્રમાણે કાક પોતાના જીવનનું જોખમ સમજતો નથી. અને કાક ફરી મંજરી વિષે કહે છે: "મંજરી! ખરો નર તો મે એક એ જોયો છે. પ્રભુએ પૂરો બત્રીશ લક્ષણો ઘડયો છે." ત્યારે આ બધા કાકને તાગી પામી રહેલી મંજરીનું તરત પ્રમાણપત્ર મળે છે: "અત્યારે એનામાં બત્રીશ લક્ષણ હોય તો એના આ મિત્રમાં બાવન લક્ષણ છે."

કાકમાં બ્રાહ્મણત્વના ગુણો, સંસ્કારોનો પ્રભાવથી અસર પડી છે. એટલે કાકમાં ચારિત્ર્યવાનની મધુરતા દીપી ઊઠે છે. એ સર્વોપરી તરીકે અલગ તરી આવે છે. 'ગુજરાતનો નાથ'માં જે નવજુવાનના વિશિષ્ટ ગુણોનું સૌંદર્ય છે તે વાચકો સુધી આસાનીથી અસર પડે છે. કદાચ નવલમાં એમાં પાત્રથી બ્રાહ્મણત્વ જ ન હોત તો ક.મા.મુનશીની સર્જકતામાં ખોટ પડી હોત એમ માની શકાય છે. નવલકથામાં ઘણા પ્રસંગો સાથે સંકળાયને ભાગ ભજવતા આ પાત્ર સિવાય કથાતંતુ ચાલી ન શકે એવી પ્રદાનતા મુનશીએ આપી છે. અને રા.વિ.પાઠક જેવા વિવેચક 'કાક' ને શ્રેષ્ટ તરીકેનું પાત્ર ગણ્યું છે. તેઓ કહે

છે: 'એ જાણે પરાક્રમો  કરવાને જ સર્જાયો છે. આખા ગુજરાતમાં ફરી બળનારો, ગમે ત્યાં ફૂટી નીકળનારો, ગમે તેવા ફાંસલામાંથી છટકી જનારો, અનેકની યોજનાઓ ખોટી પાડનારો, અભણ છતાં વિદ્યાપ્રિય મંજરીને જીતનારો, બધા પાત્રોમાં એ સૌથી વધારે જીવંત છે.' મિનળ મુંજાલના છાયામાંથી મહત્તા જ બતાવવાં માંગે છે. એની મહત્તા મુંજાલમાંથી જ આવેલી છે. કાક બહાદુર, વફાદાર સૈનિક તરીકે પણ સુંદર કામ બજાવે છે. કિર્તિદેવ એક ઉમદા પાત્ર છે. પણ તે મોખરે આવી શકે એવું છે છતાં એવું પાત્ર દર્શાવાયું નથી. પરંતુ મંજરી અને કાકના પાત્રને પ્રવૃત્તિશીલ ચીતર્યા છે. ખરેખર, કાકને પોતાનું સર્વસ્વ અર્પણ કરતી પ્રેમિકા અને નાયિકા તરીકે લાયક છે.

આમ, આ નવલકથામાં કાક અને મંજરી કથાના ચિરંજીવી પાત્રો વર્ણવ્યા છે. મુનશીનું ઉત્તમ પાત્ર અને ઉત્તમ કાર્ય કરનાર કાક છે. કાકના ચારિત્ર્ય અને બુધ્ધિની ઉત્કૃષ્ટતા એણે ઘડેલી રાજકીય યોજનામાં નજરે પડે છે. તેથી કાકનું તેજસ્વી પાત્રનું અદ્‌ભુત આલેખન મુનશીએ કર્યું છે.

મુનશીએ પુરુષ પાત્રો કરતાં સ્ત્રી-પાત્રો વધુ તેજસ્વી, પ્રતાપી ચતુરાઈ ભર્યા પાત્રો તરીકે નિરૂપણ કર્યા છે અને તે તેમની પાત્રા લેખનની કળા સિધ્ધિ છે. તેમના સ્ત્રી- પાત્રો બળવાન અને સશક્તિકરણ ધરાવતા હોય એમ મુનશીએ ગર્વભેર રીતે વર્ણન કર્યું છે. અને એ જ રીતે આપણે મંજરીના પાત્રને જોઈએ છીએ. કાકને વધુ બુધ્ધિશાળી હોય એવી રીતે લેખક નિરૂપ્યું છે. મંજરીએ જેવાં કલ્પેલાં એવાં પતિ તરીકે પથરાયાં નથી. તેથી મંજરીની નિખાલસતા, નિષ્ઠાવાન જેવાં ગુણો પણ ઉપસી આવે છે.

આમ, 'ગુજરાતનો નાથ'માં મિનળદેવીના પાત્રને તેમજ મંજરીના પાત્રને ક.મા.મુનશીએ સર્વશ્રેષ્ઠ તરીકેની સ્ત્રીત્વની ભાવના બતાવી છે. તથા મુંજાલ, કાક પુરુષ- પાત્રોને પરાક્રમી, શૌર્યશીલ પાત્રો ક.મા.મુનશીએ આલેખ્યા. અને ગૌણપાત્રો પણ એટલા જ મહત્વના ભાગ ભજવેલ છે.

ક.મા.મુનશીએ ગુજરાતી સાહિત્યમાં પ્રેમની વિભાવના, ઝળહળતી રોશની ફેલાવતી અસ્મિતા, તત્કાલીન-સમકાલીન સમયની જ્યોતિ બદલાતા સમાજનું સામાજિક- સાંસ્કૃતિક, રાજકીય દર્શન આ પાત્રો દ્‌વારા કરાવ્યું છે. જે મુનશીએ પોતાના સર્જક વ્યક્તિત્વના આધારે સાહિત્ય –સર્જન નદીના પ્રવાહની જેમ વહેતું મૂક્યું છે. એથી મુનશીએ રંગદર્શી, રસદર્શી, સર્જક કહેવાયા. એ જ એમની લોકપ્રિયતા ગણી છે.

ક.મા.મુનશીએ સમાજને ધ્યાનમાં રાખી મનોવૈજ્ઞાનિકની દ્રષ્ટિ અપનાવી વ્યક્તિત્વ શારીરિક – માનસિક, સુખ દુ:ખના પાસા, હાથમાં – નિરાશા જેવી અનેક પ્રકારની સમસ્યાને પોતાની દ્રષ્ટિમાં, જીવનમાં ઉતારીને એની ક્ષમતા કક્ષામાંથી ઉદ્‌ભવતા જ પ્રશ્નો સમસ્યાને સમાજમાં સામાજિક રીતે અસ્તિત્વને ટકાવી રાખવા કદાચ સાહિત્ય સર્જન શાબ્દિક અંશોથી રચ્યું હોય એમ માની શકાય છે. તેથી જ ક.મા.મુનશીએ પોતાની કલમ ઉપાડીને ગુજરાતની ગૌરવગાથા સાહિત્ય દ્‌વારા વધારી હશે.

ગુજરાતી સાહિત્યમાં એક વિરલ પ્રતિભાશાળી ધરાવતા ક.મા.મુનશીનો પ્રવેશ થતાં ગુજરાતની અસ્મિતા ઐતિહાસિક નવલકથાઓને આધારે વધારી એમ જણાય આવે છે. એમાં એ પોતે ઈતિહાસકાર અને નવલકથાકાર હોવાના સબંધો

જાળવી રાખીને નવલકથાઓ રચી હશે. ગુજરાતના સમયને, ગુજરાતની પ્રજાને જોઈ ગુજરાતની પરિસ્થિતી નિહાળી, ગુજરાતનું પ્રતિબિંબ પ્રગટ કર્યું છે. એવી નવલકથાઓમાંથી ઐતિહાસિક નવલકથા 'ગુજરાતનો નાથ' રચના દ્વારા સ્ત્રી-પાત્રોના સંબંધોનું સહજીવન કેવું ટકી રહ્યું, એનું દર્શન આપણને એટલે કે ભાવકોને એ સાહિત્ય રચના દ્વારા દર્શાવ્યું છે. આમ, ક.મા.મુનશીએ પ્રાચીન સંસ્કૃતિથી માંડીને આજ સુધીની સંસ્કૃતિને સાહિત્યના પકડમાં લઈને સાહિત્ય કૃતિઓનો સમન્વય સાંધીને ગુજરાતી સાહિત્ય ગદ્યમાં કંડારી સુવિખ્યાત કર્યું છે.

સમગ્ર દ્રષ્ટિએ જોતા આ નવલકથામાં વીર, શૃંગાર, કરૂણ અને અદ્ભુત રસની આહ્લાદક સૃષ્ટિ પાત્રોમાં સર્જી છે એમ કહી શકાય છે. અને 'ગુજરાતનો નાથ' એ ઐતિહાસિક નવલકથાના સર્જક મુનશીને સર્વોત્તમ કૃતિ છે. સજીવ પાત્ર વિધાનની દ્રષ્ટિએ ધારદાર સંવાદ રચનાની દ્રષ્ટિએ અને શૈલીની સાર્થકતાની દ્રષ્ટિએ આ નવલકથા મુનશીની સર્જકતાના સર્વોચ્ચ ઉન્મેષ મુખરિત કરે છે, અને એ કૃતિ એક સીમાચિહ્ન રૂપ ગણી શકાય છે.

**સંદર્ભ સૂચિ**

૧. આર્વાચીન ગુજરાતની સાહિત્યનો ઈતિહાસ
૨. ઉપસર્ગ
૩. 'ઉપસર્ગ' –ઉશનસ, સાહિત્યસંગમ – ગોપીપુરા સુરત -૨, ૧૯૭૩.
૪. અસ્મિતાના ઉદ્દ્ગતા – કનૈયાલાલ મુનશી . (સં). જગદીશ ગૂર્જર
૫. સહાયક સંદર્ભ: આર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ડો. રમેશ એમ.ત્રિવેદી, એમ.કે. મદ્રાસી શબ્દલોક પ્રકાશન, આમદાવાદ, પુનમુદ્રણ -૨૦૧૧.